# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-12-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

-----------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# AI IMPACT CONFERENCE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગર મહાત્મા મંદિર ખાતે AI ઇમ્પેકટ પ્રાદેશિક પરિષદનો શુભારંભ કરાવ્યો. આ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું કે ગુજરાત પ્રાદેશિક પરિષદ દેશનો વારસો જાળવવાની સાથે યુવાનો માટે મહત્વની બની રહશે.

(બાઇટ : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

બીજી તરફ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગુજરાત પોલીસ દ્વારા AI ટેક્નોલોજી ડ્રોન સિસ્ટમથી કરાયેલી કામગીરી અંગે વિસ્તૃત માહિતી આપી. જ્યારે વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગના મંત્રી અર્જુન મોઢવાડીયાએ વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવા AI ટેકનોલોજી મહત્વની બનશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો.

આ અવસરે મુખ્યમંત્રીના હસ્તે રાજ્ય સરકારની નવતર પહેલ 'ગુજરાત AI Stack' તેમજ રાજ્યના ડિજિટલ ગવર્નન્સને વધુ સુરક્ષિત, સ્કેલેબલ અને AI-ready બનાવવા “ગુજરાત ક્લાઉડ એડોપ્શન ગાઇડલાઇન 2025” નો શુભારંભ કરાયો.

ઉલ્લેખનીય છે, ફેબ્રુઆરીમાં દિલ્હીમાં યોજાનારી 'AI કૉન્ફરન્સ-2026'ની પ્રિ-સમીટના ભાગરૂપે આ પરિષદનું આયોજન થયું છે.

. . . . . . . . . . . . . . . . . . . . . . . .

# VIKASSHIL TALUKA

રાજ્યમાં વધુ 11 તાલુકાઓને વિકાસશીલ તાલુકા જાહેર કરાયા છે. સત્તાવાર યાદીમાં જણાવ્યા પ્રમાણે કદવાલ, ઉકાઈ, ગોવિંદ ગુરુ લીમડી, સુખસર, ચીકદા, રાહ, ધરણીધર, ઓગડ, હડાદ, ગોધર, નાનાપોંઢાને વિકાસશીલ તાલુકા તરીકે જાહેર કરવામાં આવ્યા છે. આ વિકાસશીલ તાલુકાઓને વિકાસ કામો માટે વાર્ષિક 2 કરોડ રૂપિયા અને આપણો તાલુકો વાઇબ્રન્ટ તાલુકો-ATVT અન્વયે એક કરોડ રૂપિયા એમ કુલ 3 કરોડ રૂપિયાનું વાર્ષિક અનુદાન અપાશે.

તાજેતરમાં જ જરૂરિયાત અનુસાર તાલુકા વિભાજન કરીને નવા 17 તાલુકાઓની રચના કરવામાં આવી હતી. આ નવરચિત તાલુકાઓમાંથી જે તાલુકાના કુલ ગામો પૈકીના 50 ટકાથી વધુ ગામો જુના વિકાસશીલ તાલુકાઓમાંથી તબદીલ થઈને નવા તાલુકામાં સમાવિષ્ટ થયા હોય તેવા તાલુકાઓને વિકાસશીલ તાલુકા જાહેર કરવાનો નિર્ણય કરાયો છે.

. . . . . . . . . . . . .

# BOTAD VGRC

બોટાદ જિલ્લામાં વિકાસ, રોકાણ અને ઉદ્યોગોને નવી દિશા આપવા માટે વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ અંતર્ગત જિલ્લા સ્તરના કાર્યક્રમનું આયોજન કરાશે. જિલ્લા કલેક્ટર જીન્સી રોયની અધ્યક્ષતામાં 19 ડિસેમ્બરે ગઢડા રોડ સ્થિત હોટલ ખાતે આ કાર્યક્રમ યોજાશે. જિલ્લા કલેક્ટર જીન્સી રોયે આ અંગે માહિતી આપતા જણાવ્યું કે આ વાયબ્રન્ટ

ગુજરાત પ્રાદેશિક પરિષદમાં જિલ્લાના ઔદ્યોગિક વિકાસને ગતિ આપવા માટે ૩૦ જેટલા ઔદ્યોગિક એકમો સાથે આશરે ૩૦૦ કરોડથી વધુના મૂડીરોકાણના સમજૂતી કરાર- MoU કરવામાં આવશે.

(બાઇટ : જીન્સી રોય, જિલ્લા કલેક્ટર)

. . . . . . . . . . . . .

# SURENDRANAGAR ACCIDENT

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકાના નાવિયાણી ગામ પાસે અજાણ્યા વાહન અને બાઈક વચ્ચે અકસ્માત થતાં ત્રણ યુવાનોના મોત થયા છે. આજે વહેલી સવારે પાટડી તાલુકાના એરવાડા ગામના ત્રણ યુવાનો બાઇક પર નોકરી એ જતા હતા ત્યારે નાવિયાણી ગામ પાસે અજાણ્યા વાહન સાથે અકસ્માત થતાં ત્રણેય યુવાનોના ગંભીર ઈજા થવાથી મોત થયા હતા. પોલીસે હાલ અજાણ્યા વાહન ચાલક સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

. . . . . . . . . . . . .

# MAHISAGAR CYBER FRAUD

આંતરરાષ્ટ્રીય સાયબર ગુના સાથે જોડાયેલા ત્રણ શખ્સને મહીસાગર પોલીસે અમદાવાદથી ઝડપી લીધા છે. અમારા પ્રતિનિધિ જણાવે છે, આ આરોપીઓ ઘરે બેઠા કામ કરવાની લાલચ આપી સાયબર છેતરપિંડી કરતા હતા. તેઓ અલગ અલગ બેંક ખાતામાં પૈસા જમા કરાવી ક્રિપ્ટો કરન્સીમાં રૂપાંતર કરી તે નાણાં ચીન અને હોંગકોંગ મોકલતા હતા. આ આરોપીઓએ 15 લાખ 26 હજાર રૂપિયાની સાયબર છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું છે.

. . . . . . . . . . . . .

# MEHSANA VAV

મહેસાણા શહેરના પરા વિસ્તારમાં આવેલી પ્રાચીન 72 કોઠાની વાવને મૂળ સ્વરૂપમાં નવીન કરવા માટે મહાનગરપાલિકા દ્વારા 3 કરોડ 75 લાખ રૂપિયાની રકમ ફાળવવામાં આવી છે. જેને પગલે મૂળ કલા અને શિલ્પને જીવંત કરાશે. આજુબાજુના વિસ્તારોને સુશોભિત કરી વિવિધ આધુનિક સવલતો પણ ઉભી કરાશે.

. . . . . . . . . . . . .